ગાંધીનગર સમાચાર



જેએમપી ગોપાલક વિદ્યા સંકુલમાં ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે ગાંધી રિસર્ચ ફાઉન્ડેશન, જલગાંઉ, મહારાષ્ટ્ર દ્વારા ગાંધી જીવન ચરિત્ર આધારીત પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પરીક્ષાના માધ્યમથી વિદ્યાર્થીઓ ગાંધીજીનાં જીવનમૂલ્યોને રોજિંદી જીવનઆચરણમાં મૂકવાનો પાઠ શીખ્યા હતા.

### સીઍમ પટેલ નર્સિંગ કૉલેજ ખાતે

# 'વર્લ્ડ મૅન્ટલ હૅલ્થ ડે'ની ઉજવણી





સીઍમ પટેલ કૉલેજ ઑફ નર્સિંગ ખાતે 'વર્લ્ડ મૅન્ટલ હૅલ્થ ડે'ની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે વી કૅર ફાઉન્ડેશનના સીઈઓ જે સી પટેલ ઉપસ્થિત રહ્યા હતા. તેમના દ્વારા યોગ, હાસ્ય તથા પ્રેરણાત્મક પ્રવચન આપવામાં આવ્યું હતું. તેમની સાથે વી-કૅર ફાઉન્ડેશનના ટ્રસ્ટી ઘનશ્યામભાઈ બારોટ ઉપસ્થિત રહ્યા હતા. ટેડ ટોક સ્પીકર આરજે આકાશ પણ અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા તથા વિદ્યાર્થીઓને પ્રેરણાત્મક સંબોધન કર્યું હતું. આ પ્રસંગે તમામ વિદ્યાર્થીઓ તથા સ્ટાફના સભ્યો લાલ કલરના ડ્રેસમાં ઉપસ્થિત રહ્યા હતા. આચાર્ય રાજેશ રાવલના માર્ગદર્શનમાં કાર્યક્રમનું આયોજન કૉલેજનાં પ્રૉ. રશ્મિ અચેચ અને મિલન અગરવાલ દ્વારા કરવામાં આવ્યું હતું. બીઍસસી નર્સિંગના વિદ્યાર્થીઓ દ્વારા કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું.

## જન્મદિને વધામણી



મહેન્દ્રભાઈ ભાવસાર
મો. ૯૮૨૫૪ ૬૩૮૩૫



મુકેશ કે પરમાર
મો. ૯૯૭૯૦ ૩૦૧૧૩



ક્રિપેન (હિરેન) હેમંતભાઈ શ્રીમાળી
મો. ૯૭૨૨૬ ૬૧૩૨૯

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તોના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

### કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન અશ્વિનભાઈ પટેલ કૉમર્સ કૉલેજ દ્વારા

# એકાઉન્ટન્સી અંગે વ્યાખ્યાન યોજાયું



કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજ દ્વારા વિદ્યાર્થીઓને બદલાતા પ્રવાહ અને પરિસ્થિતિની સાથે એકાઉન્ટન્સી વિષયમાં થતા ફેરફાર, એકાઉન્ટના સિદ્ધાંતો અને ખાસ ઈન્ટરનેશનલ ફાયનાન્સીયલ રિપોર્ટીગ સ્ટાન્ડર્ડની શરૂઆતથી લઈ, તેની જરૂરીયાત, ફાયદાની વાત કરવા ડો. પાર્થ ભટ્ટ, પ્રોફેસર,આર.સી.કોમર્સ કોલેજ, અમદાવાદ દ્વારા વિદ્યાર્થીઓ સાથે વિગતે રસપૂર્વક ચર્ચા કરાઈ હતી. આ વ્યાખ્યાનમાં ૭૨ વિદ્યાર્થીઓએ ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવી ઉત્સાહભેર ભાગ લીધો હતો.

કૉલેજનાં આચાર્ય ડો. વિજ્ઞા ઓઝાએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ સેમિનારને સફળ બનાવવા માટે એકાઉન્ટન્સી વિભાગના ડો. જિજ્ઞેશ પટેલ, ડો. ધર્મેન્દ્ર પટેલ, ડો. નીના ગણેશન દ્વારા આયોજન અને સંકલન કરવામાં આવ્યું હતું.

### જે ઍમ ચૌધરી સાર્વજનિક વિદ્યાલય ખાતે

# નિવૃત્ત શિક્ષકોને વિદાયમાન અપાયું



ગાંધીનગર, તા. ૧૦

શ્રી જે.એમ.ચૌધરી સાર્વજનિક કન્યા વદ્યાલય ખાતે શિક્ષક મધુબેન પરમાર તથા રમીલાબેન એમ ચૌધરી વયનિવૃત્તને કારણે નિવૃત્ત થયા તેમનો શુભેચ્છા સમારંભ યોજાયો હતો. આ પ્રસંગે શાળા પરિવાર દ્વારા નવનિયુક્ત શિક્ષક હસમુખભાઈ ચૌધરીનો આવકાર તથા એવોર્ડ પ્રાપ્ત કરેલ લીલાબેન, વિનાક્ષીબેનને શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. હરિભાઈ ચૌધરી, સેન્ધાભાઈ ચૌધરી, શંકરભાઈ ચૌધરી, માધુભાઈ ચૌધરી તેમજ ભગિની સંસ્થાના આચાર્ય તથા નિવૃત્ત થતા શિક્ષકોના પરિવારના સભ્યોએ પણ ઉપસ્થિત રહી પ્રસંગને દીપાવ્યા હતો.

# આઈએનઆઈએફડીમાં અનોખી ફૅશર્સ પાર્ટી





આઈએનઆઈએફડી ગાંધીનગર દ્વારા તેમના વિદ્યાર્થીઓ માટે એક અનોખા અંદાજમાં યાદગાર ફ્રેશર્સ પાર્ટી નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૫૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ફ્રેશર્સ પાર્ટીમાં ટેલેન્ટ હન્ટ અને રેમ્પવોકનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સૌથી ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનારને મિસ્ટર ફ્રેશર અને મિસ ફ્રેશર જાહેર કરી તેમને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે વેસ્ટર્ન મ્યુઝિક પર વિદ્યાર્થીઓ દ્વારા ડાન્સ પરફોર્મન્સ પણ આપવામાં આવ્યાં હતાં.



ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લીક સ્કૂલ ના પ્રિ-પ્રાઈમરી વિભાગમાં ગુરુવારના રોજ 'યલો ડે'ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં યલો રંગની અલગ અલગ વસ્તુઓની જાણકારી આપવામાં આવી હતી. બાળકોએ પણ યલો રંગની વસ્તુઓ લાવી ઉત્સાહભેર ઉજવણીમાં ભાગ લીધો હતો.

# બી.સી.એ. કોલેજના વિદ્યાર્થીઓ ઔદ્યોગિક એકમની મુલાકાતે



ગાંધીનગર, તા. ૧૦

હાલના સમયમાં જ્યારે ઓટોમેશનએ જીવનનો એક ભાગ બની ગયું છે ત્યારે કમ્પ્યુટર વિષયમાં સ્નાતકનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે આ વિષયોનો ઊંડાણપૂર્વકનો અભ્યાસ એ અત્યંત જરૂરી છે. કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ કમ્પ્યુટર સ્ટુડિઝ-બી.સી.એ.ના સેમિસ્ટર-૫માં અભ્યાસ કરતા ૧૪૦ જેટલા વિદ્યાર્થીઓએ રાજકોટ ખાતે આવેલી ''બાલાજી વેફર''ના ઓટોમેશન પ્લાન્ટનો અભ્યાસ કરવા રૂબરૂ મુલાકાત લીધી હતી. મુલાકાતના આયોજન વિષેની વધુ માહિતી આપતા કોલેજના ડાયરેક્ટર ડો. સંજય એમ શાહે જણાવ્યુ હતું કે ચાલુ શૈક્ષણિક વર્ષમાં પ્રવેશ મેળવેલા સેમેસ્ટર-૪ના વિદ્યાર્થીઓ ક્લાસરૂમમાં કમ્પ્યુટરના વિવિધ વિષયોની જાણકારી અને પ્રેક્ટિકલનું જ્ઞાન મેળવે છે ત્યારે ઈન્ડસ્ટ્રીની જરૂરિયાત મુજબનું પ્રેક્ટિકલ જ્ઞાન અત્યારથી મેળવે તે ખૂબ જ જરૂરી છે આ ઉમદા હેતુ સાથે આ વિઝિટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઈન્ડસ્ટ્રીની મુલાકાત પહેલા વિદ્યાર્થીઓ દ્વારા એક પ્રશ્નાવલી તૈયાર કરવામાં આવે છે જેના જવાબો મુલાકાત દરમ્યાન તેઓ મેળવતા હોય છે. મુલાકાત પૂરી થયા પછી સારા પરિણામ માટે જો કોઈ સુઝાવ હોયતો તે ઈન્ડસ્ટ્રીને મોકલી આપવામાં આવે છે અને મુલાકાતે ગયેલા વિદ્યાર્થીઓ દ્વારા અન્ય વિદ્યાર્થીઓને પ્રેઝેન્ટેશન દ્વારા તેઓએ જાણેલી અને જોયેલી વિગતો આપવામાં આવે છે.

સમગ્ર વિઝિટનું આયોજન કોલેજના ડાયરેક્ટર ડો. સંજય એમ શાહના માર્ગદર્શન હેઠળ ડો. અભિજીતસિંહ જાડેજા, પ્રો. જૈમિની કુલકર્ણી દ્વારા કરવામાં આવ્યું હતું. જેને સફળ બનાવવા માટે કોલેજના પ્રાધ્યાપક મિત્રો ડો. નિધિ દિવેચા, પ્રો. પૂજા જોશી, પ્રો. મેઘા ભટ્ટ, પ્રો. પ્રિયંકા શાહ, પ્રો. યોગેંદ્ર પટેલ અને ડો. વિજય ચાવડાનો સંપૂર્ણ સહયોગ પ્રાપ્ત થયો હતો.

# દીકરીની મા હોવું એટલે પોતાના જ સ્ત્રીપણાને પોતાનામાં જ ફરી એકવાર ઉછેરવું




sscharan_aaa@yahoo.co.in

કન્યાઓના અધિકારોની રક્ષા અને તેની સામે આવતી વિકટ પરિસ્થિતિઓને પહોંચી વળવા માટે ૧૧ ઓક્ટોબરને 'ઈન્ટરનેશનલ ડે ઓફ ધ ગર્લ ચાઈલ્ડ' (વિશ્વ બાળ કન્યા દિન)ની શરૂઆત કરવામાં આવેલ છે. ૨૦૧૨માં આ દિવસ પહેલી વાર મનાવવામાં આવ્યો હતો. કન્યાઓ અને સ્ત્રીઓએ શિક્ષણ, પોષણ, કાનૂની અધિકારો, તબીબી દેખરેખ, સલામતી, આદર, બાળ લગ્ન વગેરેમાં અસમાનતા ભોગવવી પડે છે. આમ ન બને અને કન્યાઓને તેમના અધિકારો, સન્માન વિગેરે પ્રત્યે જાગરૂકતા કેળવાય અને સ્ત્રી ભ્રૂણહત્યાથી પેદા થયેલ પ્રતિકૂળ અસરો પ્રત્યે સભાનતા લાવવાનો હેતુ મુખ્ય છે. સ્ત્રીઓના ઉદ્ધાર માટે ભારતમાં પ્રાચીનકાળમાં ભગવાન કૃષ્ણ અને મહાવીરે પ્રયત્નો કર્યા. જ્યારે અર્વાચીનકાળમાં ગાંધીજીએ. કોઈપણ દેશનો વિકાસ તે દેશની મહિલાઓની સ્થિતિ ઉપરથી ખ્યાલ આવે છે. ગાંધી બાપુ કહેતા હતા કે જ્યાં સુધી સ્ત્રીઓને બંધનમાં રાખતી પ્રથાઓ નાબુદ નહીં થાય ત્યાં સુધી આઝાદી આવશે તો ય એ મર્યાદિત વર્ગ પૂરતી જ સીમિત હશે. ગાંધીજીએ જગતને શીખવ્યું કે સ્ત્રી સમાજ-પરિવર્તનના કામમાં પુરુષ જેટલું જ અને કોઈ કોઈ બાબતમાં પુરુષો કરતાં ચડિયાતું યોગદાન આપી શકે છે. તેમણે કહ્યું કે " સ્ત્રીને અબળા જાતિ કહેવી એ તેની બદનક્ષી કરવા બરાબર છે." તેનામાં પશુબળ નહી પણ નૈતિક બળ છે. કુદરતે સ્ત્રી અને પુરુષને બેઉને એકબીજાની અવેજી સારું નહીં પણ એકબીજાના પૂરક થવા સારું સર્જ્યા છે.

સ્ત્રીના વાસ્ત્લ્યમાં વ્યાપકતા છે, પણ મોહ નથી, જેનામાં કતૃત્વ છે પણ લોભ નથી, સદગુણ હોવા છતાંય જેનામાં તે વિષે અહંકાર નથી, આવા સ્ત્રીના ગુણોનો સમાજમાં ફેલાવો થાય, તેના ગુણોનું સમાજમાં પ્રભુત્વ વધે,તેનું આંતરિક સત્વ જાગૃત થાય તથા સમાજમાં તેની સુગંધ ફેલાય, મહિલાઓના જરૂરી ઉત્કર્ષ માટે લોકોને કટીબદ્ધ કરવા,શિક્ષણનો વ્યાપ વધે, કુરિવાજો તથા રૂઢિઓમાંથી બહાર આવે તે ઉદેશ્યથી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ પ્રયત્નો થઈ રહેલ છે.

ભારતમાં બાળલગ્નોનો ઈતિહાસ બહુ જૂનો છે અને આજે પણ મોટા પાયે બાળલગ્નો થાય છે. રમવાની ઉંમરમાં દિકરીઓને પરણાવીને ઘરમાં વૈતરા કરવા માટે લગાવી દેવાય છે. યુનિસેફના એક અહેવાલ પ્રમાણે બાંગ્લાદેશમાં સૌથી વધારે બાળલગ્નો થાય છે અને બીજા




નંબરે ભારત આવે છે. પપ્પાનો ખભો એટલે દિકરી માટે વિશ્વનો તકલીફ ફ્રી ઝોન, દિકરીનો બાપ એટલે સૌથી નસીબદાર વ્યક્તિ અને દિકરીની મા હોવું એટલે પોતાના જ સ્ત્રીપણાને પોતાનામાં જ ફરી એકવાર ઉછેરવું. ઘરના આંગણે પુષ્પોની સુગંધ અને ઘરની અંદર દિકરીની. દિકરીને જન્મ આપવો એ કોઈ લાંછન નથી કે ભારરૂપ નથી. જગતના મહાન તીર્થ સમાન માતાની ગોદમાં દિકરા કે દિકરી માટે કોઈ ભેદભાવ નથી હોતો.

આજે દેશના વિકાસ અને નામ ઉજાગર કરવા ઘણી મહિલાઓનો ફાળો છે. મણિપુરના ગરીબ ખેડૂત પરિવારમાંથી આવતે મેરી કોમ ભારતીય બોક્ષર છે. માનુષી છિલ્લર, કલ્પના ચાવલા, ગીતા ફોગટ, સોનિયા મિર્ઝા, પી.ટી.ઉષા, સાક્ષી મલિક, દીપા કર્માકર, સુમિત્રા મહાજન, સરિતા ગાયકવાડ, સુષ્મા સ્વરાજ જેવી પ્રતિભાશાળી મહિલાઓ દેશના અગ્રગણ્ય ક્ષેત્રોમાં કામ કરી રહી છે. આમ, સ્ત્રી પુરુષ કરતાં કોઈ રીતે ઊતરતી નથી. પણ હા, ' સ્ત્રીને ટુકડામાં વહેંચી નાખી છે.' પણ, તેની શારીરિક શક્તિ પુરુષની સરખામણીમાં કદાચ કાંઈક અંશે ઓછી હશે. પણ જે સ્ત્રી કરી શકે છે તે પુરુષ કરી શકતો નથી. સ્ત્રી જેટલું સહન કરી શકે છે, તિતિક્ષા ઝીલી શકે છે. સંતાનોત્પતિની કઠણમાં કઠણ પ્રક્રિયામાંથી પસાર થઈ શકે છે. તે જોતાં સ્ત્રીની શારીરિક શક્તિ ઓછી માની શકાય તેમ નથી.

છોકરીઓ માટે એ જરૂરી છે તે સશક્ત, સુરક્ષિત અને જીવન વિકાસ માટે સારો માહોલ પ્રાપ્ત કરે. તે જીવનના દરેક પાસાઓ અને અધિકારોથી અવગત થવી જોઈયે. શિક્ષણ, પોષણ અને સ્વાસ્થ્યની દેખભાળ તે તેનો અધિકાર છે. તે ઘરેલું હિંસા ધારો ૨૦૦૯, બાળ વિવાહને અટકાવતો કાયદો ૨૦૦૯, દહેજ વિરોધી ધારો ૨૦૦૬થી તે પરિચિત હોવી જોઈયે. કન્યા એક સુશિલ પત્નિ અને મા બને, કર્મચારી, નેતા કે અન્ય ક્ષેત્રોમાં સફળતા પૂર્વક કામ કરે અને દેશના વિકાસમાં ફાળો આપે તે માટે મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા બાળ કન્યાની સ્થિતિ સુધારવા માટે કેંદ્રિય અને રાજ્ય સ્તરે પ્રયત્નો કરવામાં આવી રહેલ છે. પરંતુ આ ત્યારે જ સંભવ છે કે કન્યાઓના જન્મદરમાં વધારો થાય. આ માટે સરકાર દ્વારા 'બેટી બચાવો, બેટી પઢાવો' અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. અમુક પ્રાકુતિક ભેદ બાદ કરતાં સ્ત્રી અને પુરુષ સમાન જ છે. અમુક કામ સ્ત્રીઓ જ કરે- આવો ભેદ તોડવો જરૂરી છે. અને એટલે જ આ દિવસની ઉજવણી એ શક્તિ-સ્વરૂપા સ્ત્રી શક્તિ અત્યારે સુપ્ત અવસ્થામાં છે તેને જાગૃત કરી તેની અસલિયત પ્રગટ કરવાનો...સ્ત્રીત્વને વધુ ઉજ્જવળ બનાવી, તેના વિશે સભાન બનાવવાનો પ્રયાસ છે.